ડિંડોલીના રાજ મહલ મોલમાં લોન રિકવરી એજન્ટની ગળું કાપી હત્યા

મોડી રાત્રે 'બાઇક લઈને થોડીવારમાં ઘરે આવું છું' કહી નીકળ્યો હતો, રાત્રે પિતાના વોટ્સએપ કોલ પર છેલ્લી વાત થઈ

મોલમાં ઓયો હોટલો હોવાથી પ્રેમ પ્રકરણમાં હત્યાની શંકા

સુરતઃ ડિંડોલીમાં આવેલો રાજમહલ મોલના પ્રથમ માળે લિફ્ટની સામે ૨૦ વર્ષીય યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ક્રૂરતાપૂર્વક હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. લોન રિકવરીનું કામ કરતાં યુવક ઘરે ગત રોજ સાંજે રિપેરિંગમાં આપેલું બાઇક લેવા જવાનું કહી નીકળ્યો હતો.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ડિંડોલી સી.આર. પાટીલ રોડ પર આવેલા રઘુકુળનગરમાં રહેતા અને ઉધનાની પ્રિન્ટિંગ કંપનીમાં નોકરી કરતાં અજય બૈજનાથ દુબેનો ૨૦ વર્ષીય પુત્ર રાજ TVS કંપનીમાં લોન રિકવરી તરીકે કામ કરતો હતો. ગઈકાલે ૧૦ જુલાઈની સાંજે છ વાગ્યે રાજ ઘરે આવ્યો હતો અને 'મોટરસાઈકલ રીપેર થઈ ગઈ છે તે લઈને આવું છું' તેમ કહીને નીકળ્યો હતો. રાત્રે ૧૧:૧૮ વાગ્યે પિતાને વ્હોટ્સએપ પર ફોન ઉપાડી ' બાઈક રિપેરિંગ થઈ ગઈ છે, થોડીવારમાં ઘરે આવું છું' તેમ કહી ફોન કાપી નાંખ્યો હતો.

જો કે, મોડી રાત સુધી તે ઘરે ન ફરતા તેને ફરી ફોન કરતાં ફોન સ્વિચ ઓફ આવ્યો હતો. આજે ૧૧મી જુલાઈની સવારે પડોશમાં રહેતા છોટુ દુબે નામના રિક્ષાચાલકે રાજના પિતાને સમાચાર આપ્યા હતા કે, રાજના રાજમહલ મોલમાં કોઈએ ચપ્પુના ઘા મારી હત્યા કરી દીધી છે. પિતા તાત્કાલિક મોલ પર પહોંચતા પહેલા માળે લિફ્ટની પશ્ચિમ દિશા તરફ રાજ લોહીલુહાણ હાલતમાં મૃત અવસ્થામાં પડ્યો હતો. લિફ્ટની આસપાસથી લઈને રાજ જ્યાં પડ્યો હતો ત્યાં સુધી પુષ્કળ પ્રમાણમાં લોહી વહી ગયું હતું.

રાજના ગળાના ભાગે તથા પેટના ડાબા પડખામાં તીક્ષ્ણ હથિયારના જીવલેણ ઘા ઝીંકી તેની હત્યા કરી નાંખી હતી. ઘટનાની જાણ થતાં જ ડિંડોલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતક રાજના પિતા અજય દુબેની ફરિયાદના આધારે અજાણ્યા ઈસમ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ચકચારી હત્યા કેસની આગળની તપાસ ડિંડોલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પ્રહલાદસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા કરી રહ્યા છે.

હત્યારો કોણ હતો અને હત્યા પાછળનું કારણ શું છે તે જાણવા મોલના સીસીટીવી ફૂટેજ ફંફોળવાની તજવીજ હાથ ધરાઈ છે. મોલમાં ઘણી ઓયો હોટલ હોવાથી પોલીસે પ્રેમ પ્રકરણમાં હત્યા થઈ હોવાની દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

ફિશ માર્કેટ એસોસિએશનના પ્રમુખ સહિત ચાર સામે ગુનો

નવી માર્કેટમાં વાહન પાર્ક કરવા જેવી બાબતે ઝપાઝપી કરી

સ્થાનિકો આ ખુલ્લી જગ્યાનો ઉપયોગ વાહનો પાર્ક કરવા માટે કરતા હતા, પરંતુ માર્કેટ શરૂ થતાં જ સામાન્ય વાહન પાર્કિંગ બંધ કરાવી દીધું

સુરતઃ નાનપુરામાં આવેલી નવી મચ્છી માર્કેટમાં વાહન પાર્ક કરવાની બાબતે ધી સુરત ફીશ મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ કલ્પેશ નવસારીવાલા સહિત ચાર સામે અઠવાલાઈન્સ પોલીસમથકમાં ગુનો નોંધાયો છે. સ્થાનિક રહીશો વર્ષોથી આ ખુલ્લી જગ્યાનો ઉપયોગ પોતાના ખાનગી વાહનો પાર્ક કરવા માટે કરતા હતા. પરંતુ માર્કેટ શરૂ થતાં જ એસોસિએશનના પ્રમુખે સામાન્ય વાહન પાર્કિંગ બંધ કરાવી દીધું હતું.

ગત તારીખ ૦૭/૦૭/૨૦૨૬ના રોજ ફરિયાદી હિતેષભાઈ ઠાકોરભાઈ રાણા અને તેમના મિત્રો પાર્કિંગમાં બેઠા હતા ત્યારે જ પ્રમુખ કલ્પેશ નવસારીવાલાએ પોતાની ફોર-વ્હીલર લાવી સામાન્ય પાર્કિંગ મુદ્દે દાદાગીરી કરી ગાળો ભાંડી હતી. આ વિવાદે બીજા દિવસે એટલે કે તારીખ ૦૮/૦૭/૨૦૨૬ના રોજ સવારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. મચ્છી માર્કેટમાં ફરિયાદીના ભાઈ સતીષભાઈ ઉર્ફે સત્તુ સાથે એસોસિએશનના પ્રમુખ કલ્પેશ નવસારીવાલા, બીપીનભાઈ રતીલાલ કહાર, ઉમેશભાઈ નગીનભાઈ નવસારીવાલા અને રમેશભાઈ મનસુખભાઈ ખોલવાડવાળાએ ભેગા મળીને ગાડી પાર્કિંગ જેવી બાબતમાં સતીષભાઈ સાથે ગાળાગાળી અને ઝપાઝપી કરી હતી. ભાઈને બચાવવા વચ્ચે પડેલા ફરિયાદી હિતેષભાઈ અને તેમના મિત્રો ઉત્સવ તથા પત્તુ કહારને પણ આ હપ્તાખોર ટોળકીએ ગાળો આપી ધમાલ મચાવી હતી. આ ઘટનાની ફરિયાદ થતાં અઠવા પોલીસે આરોપી કલ્પેશ નવસારીવાલા સહિત ચારેય ઈસમો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

૨૦ લાખના ચેક રિટર્ન કેસમાં બિલ્ડરને એક વર્ષની સજા

સુરતઃ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઓફિસ આપવાના બહાને 20 લાખ પડાવી લીધા બાદ આપેલો ચેક રિટર્ન થયો હતો. રૂ.૨૦ લાખના ચેક રિટર્ન કેસમાં વડોદરાના આરોપી નિલ્કેશભાઈ કૃષ્ણકાંત દેસાઈને કોર્ટે દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા કરી હતી. ફરિયાદી મિતેશભાઈ અગ્રાવતે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ઓફિસ અપાવવાના બહાને આરોપીને રૂ.૨૦ લાખ ચૂકવ્યા હતા. જોકે મિલકતનો કબજો કે દસ્તાવેજો નહીં મળતા ફરિયાદીએ રકમ પરત માંગતા આરોપીએ રૂ.૨૦ લાખનો ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં રજૂ કરતાં તે રિટર્ન થયો હતો. ચેક રિટર્ન થતાં ફરિયાદીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આ કેસમાં આરોપીને દોષિત ઠેરવી એક વર્ષની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો હતો તેમજ આરોપી હાજર નહીં રહેતા સજા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું.

આવી રહી છે ભગવાનની સવારી, જગન્નાથજીના વાઘા તૈયાર

(તસવીર : સતીષ જાદવ)

■ આગામી અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળશે. તે પહેલાં રથયાત્રાની તૈયારી રૂપે તેમના વાઘા તૈયાર થઈ રહ્યા છે, તો બીજી તરફ મા દશમાના વ્રતનો તહેવાર પણ નજીક હોય માતાની પ્રતિમાઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

વાલક પાટિયા પાસે હિટ એન્ડ રનમાં સરથાણાની મહિલાનું મોત

સુરતઃ અમરેલીના રાજુલા તાલુકાના ધારેશ્વર ગામના અને હાલ સરથાણાના શાંતિવન સોસાયટી વિભાગ-૧માં રહેતા મુકેશભાઈ વેકરીયા હીરાના કારખાનામાં કામ કરે છે. તેમના પરિવારમાં પત્ની વિલાસબેન (ઉ.વ.૫૨), એક પુત્ર અને એક પુત્રી છે. ગત ૭ જુલાઈની રાત્રે મુકેશભાઈ અને તેમની પત્ની વિલાસબેન બાઈક પર સંબંધીના ઘરે મુલાકાત પૂર્ણ કરીને પોતાના નિવાસસ્થાને પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન વાલક પાટિયા નજીક પાછળથી અજાણ્યા ફોરવ્હીલરે બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં વિલાસબેન રોડ પર પટકાતા ગંભીર ઈજાઓ થતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતા. સારવાર દરમિયાન ગઈકાલે તેમનું મોત થયું હતું. અકસ્માત સર્જી સ્થળ પરથી ફરાર થયેલા ફોરવ્હીલર ચાલક સામે લસકાણા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અકસ્માત કેસમાં રૂ.૨.૭૦ કરોડનું ઐતિહાસિક વળતર

બારડોલી કોર્ટમાં લોક અદાલતમાં સૌથી મોટા વળતરનો ચુકાદો

ઉમરાખના આચાર્ય ભાવેશભાઈ મોદીનું નવ વર્ષ પહેલાં અકસ્માત મૃત્યુ થયું હતું

સુરતઃ આજે યોજાયેલી લોક અદાલતમાં બારડોલી કોર્ટમાં માર્ગ અકસ્માત કેસમાં સૌથી મોટી રકમનું વળતર ચુકવાયું હતુ.

બારડોલીનાં ઉમરાખ મુકામે પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવતા ભાવેશભાઈ મોદીનુ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થતાં વળતર દાવામાં આજે લોક અદાલતમાં વીમા કંપનીએ સમાધાનકારી વલણ દાખવી મૃતકનાં વારસદારોને રૂપીયા ૨.૭૦ કરોડની રકમ આપવા તૈયાર થતા પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયું હતું.

નવ વર્ષ પહેલા તા.૧૭-૪-૨૦૧૮ના રોજ મૃતક કાર લઈને બારડોલીથી વડોદરા જઈ રહ્યા હતા.

ત્યારે અજાણી ટ્રકે પાછળથી કારને ટક્કર મારતાં કાર ડીવાઈડર કુદાવી સામેથી આવતી ટ્રક સાથે ધડાકાભેર અથડાતા કારમાં બેઠેલાં ભાવેશ મોદીનું મૃત્યુ થયું હતું. આ ઘટનામાં મૃતકની પત્ની દિપીકાબેન ભાવેશભાઈ મોદી, પુત્ર-પુત્રી અને માતા પિતાએ વીમા કંપની સામે ત્રણ કરોડના વળતર દાવો બારડોલી કોર્ટમાં માંડ્યો હતો. આ કેસ આજે સમાધાન માટે લોક અદાલતમાં રજૂ થયો હતો.

વીમા કંપનીનાં એડવોકેટ સુહેલ દેસાઈ તથા વીમા કંપનીનાં અધિકારી અને અરજદાર પક્ષ વચ્ચે સમાધાન થતાં વીમા કંપનીએ મૃતકનાં પરિવારજનોને રૂપીયા ૨.૭૦ કરોડનું વળતર ચુકવ્યું હતું.

સુરતમાં પ્રથમ ખાનગી હોસ્પિટલ શરૂ કરનાર ડો. રાજેન્દ્ર દેસાઈનું નિધન

ડો. દેસાઈએ તબીબોની અનેક પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રમુખ તરીકે સેવા આપી હતી

સુરતઃ સુરતના તબીબી ક્ષેત્રના અગ્રણી અને પાયાના સ્તંભ સમાન ડૉ. રાજેન્દ્ર આઈ. દેસાઈનું આજે વહેલી સવારે 2:30 વાગ્યે 86 વર્ષની વયે અવસાન થયું હતું. 1965થી તબીબી સેવા સાથે જોડાયેલા ડૉ. દેસાઈએ સુરતના પાણીની ભીંત વિસ્તારમાં પ્રથમ ખાનગી હોસ્પિટલની શરૂઆત કરી હતી. ડાયાબિટીસ મેલિટસ, માનસિક રોગોના નિદાન તથા સારવારમાં તેમની વિશેષ કુશળતા હતી.

ડૉ. દેસાઈએ અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં પ્રમુખ તરીકે સેવા આપી હતી. જેમાં ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન (સુરત), એસોસિયેશન ઑફ ફિઝિશિયન્સ ઑફ સુરત, અને સુરત મેડિકલ કન્સલ્ટન્ટ્સ એસોસિયેશનનો સમાવેશ થાય છે. સમગ્ર તબીબી સમાજમાં અત્યંત આદરણીય અને લોકપ્રિય રહેલા રાજેન્દ્ર દેસાઈ સુરતમાં વ્યસન મુક્તિના પ્રણેતા ગણાય છે. 1995માં આલ્કોહોલિક એસોસિએશનના સુરત ચેપ્ટરની સ્થાપના કરી 1000 થી વધુ લોકોનું દારૂનું વ્યસન છોડાવ્યું હતું. ડો.રાજેન્દ્ર દેસાઈ સંગીત વિશારદ પણ હતા. તેઓ ઓશો રજનીશ અને કૃષ્ણ મૂર્તિના વિચારોથી પ્રભાવિત હતા અને તેમને ફોલો કરતા હતા. તેઓ તેમના ગ્રુપમાં 'ગુરુ'ના હુલામણા નામથી ઓળખાતા હતા. નિયમિત વાંચનના શોખીન ડો.રાજેન્દ્ર દેસાઈ 5000 પુસ્તકોની પોતાની લાયબ્રેરી ધરાવતા હતા. તેમના અવસાનથી સુરતના તબીબી જગતે એક પ્રેરણાદાયી વરિષ્ઠ ચિકિત્સક અને માર્ગદર્શક ગુમાવ્યો છે.

રથયાત્રા પૂર્વે 70થી વધુ પાસેથી 100થી વધુ ઘાતક હથિયારો જપ્ત

સુરત ક્રાઈમ બ્રાંચના 'ઓપરેશન રેમ્બો' હેઠળ વિવિધ વિસ્તારોમાં તપાસ

સુરતઃ આગામી રથયાત્રા દરમિયાન શહેરમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને અસામાજિક તત્ત્વો પર અંકુશ લાવી શકાય તે હેતુથી સુરત ક્રાઈમ બ્રાંચે 'ઓપરેશન રેમ્બો' હાથ ધરી મોટી કાર્યવાહી કરી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં કરાયેલા સઘન દરોડા દરમિયાન 70થી વધુ અસામાજિક તત્ત્વોને ઝડપી લઈ તેમની પાસેથી રેમ્બો નાઈફ, બટન નાઈફ, ડ્રેગન નાઈફ સહિત 100થી વધુ ઘાતક હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે.

પોલીસ કમિશનર તથા અધિક પોલીસ કમિશનર (ક્રાઈમ)ના માર્ગદર્શન હેઠળ અને નાયબ પોલીસ કમિશનર તથા મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઈમ)ની દેખરેખમાં 1 જુલાઈથી આ વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. અગાઉ 19 જૂને પણ આવા તત્ત્વોને ચેતવણી આપવામાં આવી હતી, તેમ છતાં ગેરકાયદે હથિયારો સાથે ફરતા અને ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા શખ્સો સામે ક્રાઈમ બ્રાંચે કડક કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ દરમિયાન ખુલ્યું હતું કે કેટલાક અસામાજિક તત્ત્વો ઓનલાઈન પ્લેટફોર્મ અને રિટેલ દુકાનો મારફતે રેમ્બો નાઈફ, બટન નાઈફ, પોકેટ નાઈફ અને ટેક્ટિકલ નાઈફ જેવા પ્રતિબંધિત હથિયારો મેળવી રહ્યા હતા.

તેના આધારે શહેરના વિવિધ વિસ્તારોમાં સરપ્રાઈઝ દરોડા પાડી 100થી વધુ ઘાતક હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા. તમામ આરોપીઓ સામે ગુજરાત પોલીસ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાંચના જણાવ્યા મુજબ, ઝડપાયેલા આરોપીઓ પૈકી કેટલાક સામે અગાઉ બળાત્કાર, ખૂનની કોશિશ, ઘરફોડ ચોરી, ચેઈન સ્નેચિંગ, પ્રોહિબિશન અને અન્ય ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે હવે જપ્ત કરાયેલા હથિયારો અગાઉ કોઈ ગુનામાં ઉપયોગમાં લેવાયા છે કે કેમ તેમજ આરોપીઓ કોઈ ગંભીર ગુનાને અંજામ આપવાની તૈયારીમાં હતા કે નહીં તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

પોલીસે અસામાજિક તત્ત્વોને કડક ચેતવણી આપતાં જણાવ્યું છે કે શહેરમાં ગેરકાયદેસર હથિયાર સાથે પકડાનાર કોઈપણ વ્યક્તિ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જરૂર જણાશે તો પાસા (PASA) અથવા તડીપાર જેવી કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

બે દિવસમાં 2,500 પરિવારને રૂ.1.50 કરોડની સહાય વિતરણ

સુરતઃ તાજેતરમાં આવેલા પૂરના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાતા હજારો પરિવારોને નુકસાન વેઠવું પડ્યું છે. અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત પહોંચાડવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સરવે અને સહાય વિતરણની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે, શહેરના વિવિધ વિસ્તારોમાં પૂરથી અસરગ્રસ્ત પરિવારોને કેશ ડોલ્સ તેમજ ઘરવખરી સહાયની ચુકવણી શરૂ કરવામાં આવી છે. છેલ્લા બે દિવસ દરમિયાન કુલ 2,500 પરિવારોને અંદાજે રૂ. 1.50 કરોડની સહાય સીધી ચૂકવવામાં આવી છે, જેથી તેઓ પોતાની જરૂરીયાતની ચીજવસ્તુઓની વ્યવસ્થા કરી શકે. કલેક્ટરે જણાવ્યું કે, સુરતના છ તાલુકામાં 50 સરવે ટીમો સતત કામગીરી કરી રહી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરેઘરે જઈ નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે, જેથી કોઈપણ પરિવાર સહાયથી વંચિત ન રહે.

પવનચક્કીના 76 લાખના ચેક રિટર્ન કેસનો 10 વર્ષે નિકાલ

સુરતમાં લોક અદાલતોમાં એક જ દિવસમાં રેકોર્ડ બ્રેક ૪,૧૭,૪૬૬ કેસનો નિકાલ, 5મી વાર રાજ્યમાં પ્રથમ

સુરતઃ સુરત કોર્ટમાં યોજાયેલી લોક અદાલતમાં ફરીથી રેકર્ડબ્રેક કેસોનો નિકાલ થયો હતો. સુરત જિલ્લો સતત પાંચમી વખત સૌથી વધુ 4,17,466 કેસોના નિકાલમાં ગુજરાતભરમાં પ્રથમ ક્રમે આવ્યું છે.

આ કેસોમાં લગભગ 10 વર્ષથી ચાલી રહેલા એક રૂ. 76 લાખના ચેક રિટર્ન કેસનો એક જ દિવસમાં સમાધાન થવાથી બંને પક્ષોને રાહત મળી છે. સુરત ઝાંપાબઝારની મનોર કેપિટલ માર્કેટ્સ લી. નો સંપર્ક મુંબઈ સ્થિત વીન વર્લ્ડ (ઈન્ડિયા) લિમિટેડ દ્વારા કરવામાં આવ્યો હતો. કંપનીએ ગુજરાત અને મહારાષ્ટ્રમાં મોટા પાયે પવનચક્કીના પ્રોજેક્ટમાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી લાલચ આપી વર્ષ 2015માં રૂ. 1.36 કરોડનું રોકાણ કરાવ્યું હતું. પરંતુ વર્ષ 2017 સુધીમાં પવનચક્કીનું કામ પૂર્ણ ન થતાં કંપનીએ રોકાણકારને રૂ. 60 લાખ પરત કર્યા હતા. બાકીની રૂ. 76 લાખની રકમ માટે આપવામાં આવેલા ચેક બાઉન્સ થતાં મનોર કેપિટલ માર્કેટ્સ લી.ના વકીલ નરેશ ગોહિલ દ્વારા સુરત કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

આરોપી કંપનીએ ફરિયાદ કાયદેસર રીતે ટકાઉ નથી તેવો મુદ્દો ઉઠાવી સુરત સેશન્સ કોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટ સુધી વિવિધ કાર્યવાહી હાથ ધરી હતી. જોકે બંને અદાલતોમાંથી કોઈ રાહત ન મળતાં ચેક રિટર્નનો કેસ આગળ વધ્યો હતો. આજની લોક અદાલત દરમિયાન ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ. એન. પઢારે બંને પક્ષના વકીલો વચ્ચે સમાધાનની ચર્ચા કરાવી હતી. મેજિસ્ટ્રેટ પઢારેની હાજરીમાં આરોપી કંપનીએ ફરિયાદીને રૂ. 76 લાખનો પે-ઓર્ડર અર્પણ કરતાં દસ વર્ષ જૂના ચેક રિટર્ન વિવાદનો આવ્યો હતો.

લક્ઝરી બસે કરેલા અકસ્માત વળતરના ૧૪ દાવામાં ૬૧.૮૦ લાખ ચૂકવાયા

નવ વર્ષ પહેલાં મહુવેજ પાસે લક્ઝરી બસે સર્જેલા અકસ્માતમાં ૧૪ વળતર કેસમાં વીમા કંપનીએ આજની લોક અદાલતમાં સમાધાનકારી વલણ અપનાવી દરેક અરજદાર મળીને કુલે રૂપીયા ૬૧.૮૦ લાખ વળતર ચુકવ્યું હતું. આ ઘટના તા.૧-૧૦-૨૦૧૮ના રોજ બની હતી. આ ઘટનામાં એક મહિલાનું મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય મુસાફરો ઘાયલ થયા હતા. આ તમામ મુસાફરો અકસ્માત કરનાર લક્ઝરી બસમાં બેસીને સુરત આવતાં હતા. ત્યારે બસનાં ચાલક ઈમરાને બસ આગળ જતાં વાહન સાથે ધડાકાભેર અથડાવી દીધી હતી. આ કેસમા મૃતક મહિલાનાં પતિ સહિત ૧૪ જણાંએ એડવોકેટ અનિલ નાયક મારફતે કોર્ટમાં વળતર દાવો કર્યો હતો. જે કેસનો નિકાલ આજે લોક અદાલતમાં થયો હતો. મૃત્યુ પામનાર મહિલાના પતિને ૧૭ લાખ મળ્યાં હતા. જ્યારે અન્ય ૧૩ જણાંને એક લાખથી લઈને ૬ લાખ સુધી મળ્યા હતાં

બાઈક અડફેટે મૃત્યુ પામનારના પરિવારને રૂ.૪૮.૫૦ લાખ મળ્યા

તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ ગોડાદરાના વિવેક વિદ્યાલયની સામેથી ચાલતાં પસાર થતા પ્રદિપભાઈ પટેલને મોટર સાયકલ નં.જી.જે-૦૫-એન.વી.-૬૦૫૬ ના ચાલક તુષાર રમેશભાઈ શર્માએ જોરદાર ટકકર મારતાં ઈજાને કારણે પ્રદિપભાઈનુ મૃત્યુ થયું હતું. મૃતકના પત્ની વૈજંતિદેવી તથા બાળકોએ રૂા.૫૦ લાખનાં વળતરનો દાવો કર્યો હતો. આજની લોક અદાલતમાં આ કેસમાં અરજદાર તરફે એડવોકેટ સુરેશ યાદવ અને ગોપી પાંડે અને વિમા કંપનીના વકીલ દર્શનભાઈ શાહ અને વીમા કંપનીના ઓફિસર યશભાઈ મોદી એ સમાધાનકારી વલણ રાખતાં મૃતકનાં વારસદારોને રૂા.૪૮.૫૦ લાખ મળ્યાં હતા.

ટેમ્પોની અડફેટે મૃત્યુ પામેલા ટેમ્પો ચાલકના પરિવારને ૮૦ લાખનું વળતર

આજે લોક અદાલતમાં રજૂ થયેલાં માર્ગ અકસ્માતમાં કેસમાં મૃતકના પરિવાર અને વીમા કંપની વચ્ચે સમાધાન થતાં પરિવારને ૮૦ લાખનું વળતર મળ્યું હતું. આ માર્ગ અકસ્માત તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ ડીંડોલીથી ભેસ્તાન તરફ જતા કેનાલ રોડ કરાડવા ચાર રસ્તા પાસે બન્યો હતો. જેમા આઈસર ટેમ્પાની અડફેટે ટેમ્પા ચાલક ગોકુલ બંડુ મહાજનને ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું હતું. મૃતકનાં પરિવારે વીમા કંપની સામે ૧.૩૦ કરોડનો દાવો કર્યો હતો. આ કેસમાં વીમા કંપનીના વકીલ દર્શનભાઈ શાહ અને વીમા કંપનીએ સમાધાનકારી વલણ રાખી સમાધાન થયું હતું.

વારસાઈ જમીનના વિવાદમાં ભાઈ બહેન ફરી એક થયાં

કઠોર કોર્ટમાં ખેતીની જમીનમાં હક્ક હિસ્સા માટે બહેને ભાઈ સામે કાનુની જંગે ચઢી હતી. આ કેસમાં પિતા ભીમ દુલ્લભ વશી એ પોતાની જમીનો તેમના ત્રણ દીકરાને સોંપી હતી. ત્યારે નકકી કરાયું હતું કે કોઈપણ દીકરો પોતાની જમીન વેંચે ત્યારે તેમાંથી કુલ રૂ.51,00,000 ત્રણેય બહેનોને આપવાની રહેશે. સૌથી મોટા દીકરા અરવિંદે પોતાની જમીનો વેચી ત્રણેય બહેનો વચ્ચે રૂ.. 51,00,000 આપ્યાં હતાં. જેમાં એક બહેને પુરતી રકમ મળી ન હોવાથી દાવો દાખલ કર્યો હતો. આ કેસમાં બે-ત્રણ વખત મિડીએશન થયું હતું. આખરે આજની લોક અદાલતમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયું હતું અને ભાઈ બહેનને વધુ ચાર લાખની રકમ આપવા તૈયાર થતા ભાઈબહેન ફરી એક થયાં હતાં.

સંક્ષિપ્ત સમાચાર

વરાછા બેંકની ફ્લડ લોન-નવી વીમા યોજનાઓનું હર્ષ સંઘવીના હસ્તે લોન્ચિંગ

સુરતઃ સુરતની ધી વરાછા કો-ઓપ.બેક લિ. દ્વારા માત્ર ૯% વ્યાજે રૂ. ૫ લાખ સુધીની 'ફ્લડ લોન' યોજના અને પૂર અને પાણી ભરાવા સામે સુરક્ષા આપતી નવી વીમા યોજનાઓનું લોન્ચિંગ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યુંહતું. વરાછા બેંકની મુખ્ય કચેરી ખાતે આયોજીત કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, પૂમાફત સમયે વરાછા બેંક તમારી સાથેની ઉક્તિને વરાછા બેંકે સાચા અર્થમાં સાકારિક કરી છે. સંકટ સમયે વરાછા બેંકની આ ઉમદા પહેલને બિરદાવી હતી. મુશ્કેલીના આ સમયમાં વરાછા કો-ઓપરેટિવ બેંકે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા પૂરગ્રસ્તો માટે માત્ર ૯ ટકા ના વ્યાજદરે રૂ. ૫ લાખ સુધીની 'ફ્લડ લોન' આપવાની જાહેરાત કરી છે જે બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ અવસરે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ પણ વરાછા બેંક પ્રશંસા કરીને આ ઉમદા નિર્ણયથી નાના વેપારીઓને મહત્તમ ફાયદો થશે તેમ જણાવ્યું હતું.આ અવસરે ધારાસભ્ય પ્રવિણભાઈ ઘોઘારી તથા બેંકના ચેરમેન નરેન્દ્રભાઈ કાકડીયા, વિઠ્ઠલભાઈ ધાનાણીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ અવસરે ધારાસભ્ય કાંતિ બલર, અગ્રણી જયંતિભાઈ એકલેરા, મનહરભાઈ સાચપરા તથા મુકેશભાઈ પટેલ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉધના મેડિકલ એસોસિયેશનનો પદગ્રહણ સમારોહ યોજાયો

સુરતઃ ઉધના મેડિકલ એસોસિયેશન દ્વારા વર્ષ 2026-27 માટેની નવી કારોબારી સમિતિનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો. મુખ્ય અતિથિ તરીકે બિલ્ડર રાજુભાઈ સવાણી ઉપસ્થિત રહ્યા હતા. ઇન્સ્ટોલેશન ઓફિસર તરીકે ડો. પ્રફુલભાઈ છાસટિયા, ગેસ્ટ ઓફ ઓનર તરીકે ડો. હરપ્રસાદ પટ્ટનાયક તથા વિશિષ્ટ અતિથિ તરીકે ડો. પારુલબેન વડગામા ઉપસ્થિત રહ્યા હતા. નવા હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ડો. નીતિનકુમાર કે. પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ ડો. જ્યોતિ સુરમા, મંત્રી ડો. જયદીપસિંહ સાંગળોદ, ખજાનચી ડો. અનીતા શાહ, સહમંત્રી ડો. હનીફ બંગલાવાલા અને સહખજાનચી તરીકે ડો. પવન પટેલે પદભાર સંભાળ્યો હતો. કાર્યક્રમમાં ડો. હરપ્રસાદ પટ્ટનાયકે "What a Mature Woman Wants?" વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. ડો. જયદીપસિંહ સાંગળોદ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

તમારી આકૃતિ દ્વારા તમારી ભીતરી પ્રકૃતિનો ફોટો પડી જાય છે: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ અંજુર ફાટા સ્થિત શંખેશ્વરધામ શ્વે.મૂ.પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, આર્યાવર્તની સંસ્કૃતિ, મૂલ્યો, મર્યાદાઓ અને સભ્યતાઓના સહારે ટકેલી છે. સંસ્કારો અને સંસ્કૃતિ જ્યારથી ગાયબ થવા લાગી છે ત્યારથી હિંસા, અત્યાચાર, અનાચાર અને વ્યભિચારોનો વ્યાપ વધવા લાગ્યો છે. તમારા મુખમાંથી બોલાયેલા શબ્દો તમારી આગવી ઓળખ છે. તમારા હાવભાવ તરફથી તમારી ભીતરમાં શું ચાલી રહ્યું છે તેનો 'એક્સ રે' તરત બહાર આવી જાય છે. 'આકૃતિઃ ગુણાન્ કથયતિ' આ શાસ્ત્રીય વિધાન છે. તમારી આકૃતિ દ્વારા તમારી ભીતરી પ્રકૃતિનો ફોટો પડી જાય છે. અત્યારે આ દેશની સંસ્કૃતિનો કચ્ચરઘાણ વાળવાનું કામ સોશિયલ મીડિયાએ કર્યું છે. ફિલ્મોમાં આવતી મારામારીના દ્રશ્યો મન ઉપર વિકૃત અસર કરતી હોય છે. કોને કેવી રીતે પતાવી દેવા તેની પ્રેરણા આ ફિલ્મ જગતનાં દૃશ્યો વર્તમાન યુવા પેઢીને પુરા પાડે છે.

ધી સધર્ન ગુજરાત કમર્શિયલ ટેક્સ બાર એસો. સુરતના નવા હોદ્દેદારો નિમાયા

સુરતઃ ધી સર્ધન ગુજરાત કમર્શિયલ ટેક્સ બાર એસોસિએશન સુરતના નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે